“મહર્ષિ વાલ્મીકિ વિરચિત રામાયણમાં પ્રસ્તુત સમાજવ્યવસ્થા ”

Bhargavkumar Mahendrabhai Tandel
S.B. Garda College

પ્રસ્તાવના

સંસ્કૃત સાહિત્ય માનવભાષાનું પ્રાચીનતમ સાહિત્ય છે આપણી પ્રાચીન સંસ્કૃત ભાષાનું સાહિત્ય વારસો એ આપણને વારસામાં પ્રાપ્ત થયેલ અમૂલ્ય ભેટ છે. સંસ્કૃત સાહિત્ય ભારતીય સંસ્કૃતિ અને આરણાત્મક અને આદર્શપૂર્ણ માનવમૂલ્યો માટે એક અનુપમ વૈશ્વિક ધરોહર છે.

સંસ્કૃત કાવ્યસાહિત્યના ઉદ્ગમ માટે સીધેસીધી દ્રષ્ટિ રામાયણ અને મહાભારત જ સ્થિર કરવાનું કેટલાક વિદ્વાનો સૂચવે છે. રામાયણ અને મહાભારત ભારત વર્ષના બે મહાકાવ્યો છે. જેમાં વેદોથી શરૂ થયેલી અને ત્યાર પછીના હજારો વર્ષ દરમિયાન ઋષિમુનિઓ તથા મનીષીઓના સદવિચાર અને સંસ્કારના વારસાને આત્મસાત કરીને સમૃદ્ધ થયેલી ભારતીય સંસ્કૃતિની પરંપરા આબાદ પ્રતિબિંબ થઈ છે.

આદિકવિ વાલ્મીકિની અદ્વિતીય કૃતિ તે રામાયણ મહાકાવ્ય આ મહાકાવ્ય ભારતીય સંસ્કૃતિનો પરિચય આપીને ભારતીય સમાજના ઘડતરમાં પાયાનું કામ કર્યું છે.

'રામાયણ'માં રામચરિત્રના વિસ્તૃત ચિત્રણ દ્વારા વાલ્મીકિએ જગતની સામે આદર્શભૂત સામાજિક ગુણો, દિવ્ય કૌટુંબિક જીવન અને જીવનમાંના શ્રેષ્ઠતમ નૈતિક મૂલ્યોનું અધિષ્ઠાન ઊભું કર્યું છે. આ કાવ્ય તેમણે કીર્તિ કે સંપત્તિ મેળવવા માટે નથી લખ્યું, પરંતુ હજારો વર્ષો બાદ માનવને પોતાનો આદર્શ તેમજ ઉચ્ચતમ માનવી જીવન કેમ ગાળી શકાય તેની ખબર પડે એ મહાન હેતુથી લખાયેલું છે. 'રામાયણ'નો હેતુ લોકોત્તર છે કારણ કે તે આપણને આજે પણ સુધારવા માટે છે અને તે માટે માર્ગદર્શન પણ આપે છે રામરાજ્ય એટલું પ્રભાવશાળી રાજ્ય હતું કે રામને ન માનનારા આજના નાસ્તિક લોકો પણ આજે રામરાજ્યની ઝંખના કરે છે. આવી રીતના દિવ્ય અને ભવ્ય રામાયણના વિષયમાં રામકાલીન સમાજ વ્યવસ્થા કેવી રીતની હતી તે વિશે પ્રસ્તુત વિષયમાં રજૂઆત કરવામાં આવી છે.

રામકાલીન સમાજવ્યવસ્થા

સમાજ એટલે એક જ સંસ્કૃતિના એક જ વિચારના અને એક જ આચારના માણસોનો સમૂહ.

સમાન હિતો, જરૂરિયાતો, પરંપરાઓ અને નિયમોના આધારે પરસ્પર સંબંધો તથા સહકારથી જોડાયેલા લોકોના સમૂહને સમાજ કહેવામાં આવે છે.

સમાજ એ સામાજિક સંબંધોનું જાળું છે. - મેકઆઈવર અને પેજ

સમાજ એટલે એવા વ્યક્તિઓનો સમૂહ કે જેઓ ચોક્કસ સંબંધો અને વર્તનની રીતોથી એકબીજા સાથે જોડાયેલા હોય. - ગિન્સબર્ગ

રામાયણમાં પ્રાચીન ભારતીય સમાજજીવન અને તેની વ્યવસ્થાનું સંદર્ભ વર્ણન જોવા મળે છે. રામાયણમાં સમાજવ્યવસ્થા મુખ્યત્વે નીચેના આધારે પણ આધારિત હતી વર્ણવ્યવસ્થા, આશ્રમવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, ધર્મ અને નૈતિકતા આર્થિક જીવન અને નાગરિકો વિશે સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

(૧) વર્ણવ્યવસ્થા

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણોનો ઉલ્લેખ મળે છે અને દરેકના કર્તવ્ય અને જવાબદારીઓનું વિભાજન કરવામાં આવ્યું હતું.

(૧) બ્રાહ્મણવર્ણ

બ્રાહ્મણોનું મુખ્ય કાર્ય વેદોનું અધ્યયન અધ્યાપન યજ્ઞયાગ કરાવવો અને ધાર્મિક કાર્યો કરવાનું હતું ઋષિ વશિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા મહર્ષિઓ તેનું ઉદાહરણ છે.

(૨) ક્ષત્રિયવર્ણ

ક્ષત્રિયો મુખ્ય કાર્ય પ્રજાનું રક્ષણ, રાજ્યનું સંચાલન અને ધર્મની રક્ષા કરવાનું હતું. શ્રીરામ, દશરથ અને ભરત ક્ષત્રિય હતા.

(૩) વૈશ્યવર્ણ

વૈશ્યો ખેતી, પશુપાલન વેપાર અને આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.

(૪) શૂદ્રવર્ણ

શૂદ્ર મુખ્યત્વે સેવા અને અન્ય વ્યવસાયિક કાર્યો કરતા હતા.રામાયણમાં શંબુકનું પાત્ર વર્ણવ્યવસ્થાના સંદર્ભમાં મહત્વપૂર્ણ હતું.

(૨) આશ્રમ વ્યવસ્થા

બ્રહ્મચર્ય , ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમોની વ્યવસ્થા હતી.

(૧) બ્રહ્મચર્ય આશ્રમ

આ જીવનનો પ્રથમ તબક્કો હતો. વિદ્યાર્થી ગુરુના આશ્રમમાં રહીને વેદ, શાસ્ત્રો, ધર્મ અને વિવિધ વિદ્યાઓનું શિક્ષણ મેળવતો હતો. રામ અને લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે રહીને શિક્ષણ મેળવ્યું હતું.

(૨) ગૃહસ્થ આશ્રમ

શિક્ષણ પૂર્ણ કર્યા પછી લગ્ન કરીને કુટુંબજીવન જીવવાનું શરૂ કરવામાં આવતું. ગૃહસ્થ પોતાના પરિવારની જવાબદારી નિભાવતો અને સમાજના અન્ય આશ્રમોને પણ સહયોગ આપતો શ્રીરામ અને સીતાજીનું જીવન તેનું ઉદાહરણ છે.

(૩) વાનપ્રસ્થ આશ્રમ

જીવનના ઉત્તરાર્ધમાં સાંસારિક જવાબદારીઓમાંથી ધીમે ધીમે નિવૃત્ત થઈને વનમાં રહી તપ, સાધના અને આધ્યાત્મિક જીવન તરફ આગળ વધવાની પરંપરા હતી. સંદર્ભે ઋષિઓનું વનવાસી જીવન આ પરંપરાને સમજવામાં મદદ કરે છે.

(૪) સંન્યાસ આશ્રમ

આ જીવનનો અંતિમ તબક્કો હતો તેમાં વ્યક્તિ સાંસારિક મોહમાયાનો ત્યાગ કરીને આત્મજ્ઞાન, તપ અને મોક્ષની સાધનામાં જીવન સમર્પિત કરતો.

રામાયણમાં આશ્રમ વ્યવસ્થા દ્વારા માનવ જીવનને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ સન્યાસ એમ ચાર તબક્કામાં વહેંચીને શિક્ષણ, કુટુંબ, સમાજસેવા અને આધ્યાત્મિક ઉન્નતિને મહત્વ આપવામાં આવ્યું હતું.

(3) કુટુંબવ્યવસ્થા

વાલ્મીકિ રામાયણમાં ઘર-ઘરમાંથી શાંતિ અને સમાધાનના જ સૂરો નીકળતા જોવા મળતા હતા. તે સમયે પ્રત્યેક કુટુંબ આદર્શ ગૃહસ્થાશ્રમ પ્રતીક હતું. સંયુક્ત કુટુંબ અને વડીલો પ્રત્યે આદરને વિશેષ મહત્વ હતું. તે સમયે કોઈપણ કુટુંબ જુઓ કોઈ સૂતકી ચહેરાવાળા જોવા નહીં મળે દીકરાઓ બુદ્ધિમાન, શુદ્ધબુદ્ધિના હતા અને પત્ની મહેરું મારવાવાળી કે કટુ વચન બોલવાવાળી ન હતી. લૂંટવાવાળા કે રોટલાના ટુકડો નાખો ત્યાં સુધી પ્રેમ કરવાવાળા સ્વાર્થી કે લોભી મિત્રોના હતા. પરંતુ આપત્તિમાં ખભેખભો અડાડીને ઊભા રહેનાર મિત્રો હતા. પ્રેમ રાખનાર માલિકનું હૃદય ઓળખનારા અને આજ્ઞાપાલક નોકરો હતા. રામકાળ માટેની તે પ્રભુની વિશિષ્ટ બક્ષિસ ન હતી. એ કાળ કલ્પનાતીત મહેનતનું પરિણામ હતો.

(4) રામકાલીન રાજ્યવ્યવસ્થા

રામાયણકાલીન રાજ્યવ્યવસ્થાનો મુખ્ય આધાર રાજધર્મ ન્યાય, પ્રજારક્ષણ અને લોકકલ્યાણ હતો. માનવ પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવા શાસન પ્રથાની જરૂર ખરી ?

સ્વધર્મથી સ્વકર્તવ્યથી પોતાનામાં રહેલા નૈતિક મૂલ્યોથી પ્રજા- પોતાનું રક્ષણ કરતી હતી. નૈતિક મૂલ્યો લોહીમાં ભળેલા હોવાથી તે સમાજ માનવતાનો આદર્શ હતો. આ ધ્યાનમાં રાખી રામકાલીન રાજ્યવ્યવસ્થા ચાલતી હતી. રામરાજ્ય રાજપ્રજાસત્તાક રાજ્ય હતું. તેની જો કંઈક કલ્પના કરવી હોય તો તે આજના ઇંગ્લેન્ડના રાજ પ્રજાસત્તાક રાજ્ય ઉપરથી કરી શકાશે ફેર માત્ર છે. રાજા રામનો. તે બંધારણ અલિખિત હતું. જેમ અત્યારે ઇંગ્લેન્ડમાં છે તેમ.

રામરાજ્ય એ જ આજે આશ્ચર્ય છે. રામરાજ્ય જેવી શાસનસંસ્થા થઈ નથી અને થશે કે કેમ તે પણ શંકા છે માટે જ તેને કોઈની ઉપમા આપી શકાય તેમ નથી.

"સાગરને સાગરની ઉપમા,
ગગનને ગગનની ઉપમા,
તેમ રામરાજ્યને રામરાજ્યની ઉપમા જ"

તેથી જ રામરાજ્યને આદર્શ અને કલ્યાણકારી શાસનનું પ્રતીક માનવામાં આવે છે.

(5) ધર્મ અને નૈતિકતા

રામાયણમાં ધર્મ અને નૈતિકતાને માનવજીવનના મુખ્ય આધાર ગણવામાં આવ્યા છે. વ્યક્તિ કુટુંબ અને રાજા બધાએ પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ એવો સંદેશ મળે છે.

➢ **ધર્મ**

(ક) સત્યનું પાલન - સત્ય બોલવું અને સત્યના માર્ગે ચાલવું મહત્વનું માનવામાં આવતું.

(ખ) કર્તવ્યપાલન- વ્યક્તિએ પોતાના કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ.

(ગ) પિતૃભક્તિ - શ્રીરામે પિતાના વચનની રક્ષા માટે વનવાસ સ્વીકાર્યો.

(ઘ) રાજધર્મ - રાજાએ પ્રજાનું રક્ષણ એના અને કલ્યાણ કરવું એ તેનું મુખ્ય કર્તવ્ય હતું.

(ચ) પરોપકાર - બીજાની સેવા અને કલ્યાણને સદગુણ માનવામાં આવતો.

➢ **નૈતિકતા**

~ સત્ય અને પ્રામાણિકતાને મહત્વ.

~ વડીલો અને ગુરુજનો પ્રત્યે આદર.

~ ભાઈચારો અને કુટુંબપ્રેમ.

~ વચનપાલન અને નિષ્ઠા.

~ ત્યાગ અને સંયમ.

~ ન્યાય અને અન્યાય વચ્ચે ભેદ કરવાની ભાવના.

~ સ્ત્રી અને પુરુષ પરિવાર પ્રત્યે જવાબદારી.

રામાયણકાલીન સમાજમાં સત્ય, ધર્મ, કર્તવ્ય, વચનપાલન, ત્યાગ, સેવા, આદર અને ન્યાય જેવા નૈતિક મૂલ્યોને વિશેષ સ્થાન હતું. શ્રીરામનું જીવન આ મૂલ્યોના આદર્શ પાલનનું મુખ્ય ઉદાહરણ તરીકે રજૂ થાય છે.

(6) અર્થપ્રધાન સમાજવ્યવસ્થા

રામકાલીન વ્યવસાય ખેતી પશુપાલન વેપાર અને વિવિધ વ્યવસાયો સમાજના આર્થિક જીવનનો આધાર હતો.

રામ કાળમાં દરેક પોતપોતાનો ધંધો કરતા હતા ગમે તેટલો મોટો ફાયદો થતો હોય તો પણ તેને બીજા ધંધાદારીઓના પેટ પર પગ મુકવાનો હક ન હતો. વૃત્તિસંકરતા જરા પણ ચલાવી લેવામાં ન આવતી. બીજાનો ધંધો કરનારને મોટો દંડ કરવામાં આવતો ધર્મ પ્રધાન સમાજવ્યવસ્થા હતી એટલે વૃત્તિસંકરતાને સ્થાન જ ન હતું.

વેપાર, હસ્તકલા અને વિવિધ વ્યવસાયો આર્થિક સમૃદ્ધિના મહત્વના સાધનો હતા સમાજમાં દાન, પરોપકાર અને સંપત્તિના યોગ્ય ઉપયોગને પણ મહત્વ આપવામાં આવતું હતું.

(7) રામકાલીન નાગરિકો

રામાયણના બાલકાંડમાં અયોધ્યાના નાગરિકોનું વર્ણન કરવામાં આવ્યું છે. લોકો આવી રીતના રહેવા જોઈએ એવી ઈચ્છા હોય તો કેટલી સાંસ્કૃતિક ઉચ્ચતા જોઈએ. આવી ઉચ્ચતા લાવવા માટે કેટલી સુસબદ્ધ સમાજવ્યવસ્થા હોવી જોઈએ. તેની કલ્પના કરો અને તેટલી જ સુસબદ્ધ સમાજવ્યવસ્થા રામકાળમાં હતી. તે સમયે એક અવિદ્વાન નહીં, ખાલી મગજના ન નહીં, નાસ્તિક નહીં, કંજૂસ નહીં, નાનપણથી સંસ્કારી ઉચ્ચ અંતઃકરણવાળા દ્વારા અને દીર્ઘાયુ પણ હતા.

ઉપસંહાર

આમ રામાયણકાલીન સમાજવ્યવસ્થામાં ધર્મ, કર્તવ્ય,કુટુંબ, રાજધર્મ નૈતિક અને પરસ્પર સહકારને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

રામાયણ રામકાલીન સમાજવ્યવસ્થા આજના સમયની વ્યવસ્થાને સુવ્યવસ્થામાં પરિવર્તન કરવામાં સહાયરૂપ બને છે. જે વ્યક્તિમાં રહેલી વ્યક્તિમત્તા સમાજને સુદ્રઢ અને સુવ્યવસ્થિત બનાવી 'वसुधैव कुटुम्बकम्'ની ભાવના નિર્માણ કરે છે.

સંદર્ભ ગ્રંથ

૧. વાલ્મીકિ રામાયણ સદવિચાર દર્શન ટ્રસ્ટ મુંબઈ પાંડુરંગ શાસ્ત્રી આઠવલે

૨. વાલ્મિકી રામાયણ. શ્રી પરમહંસ જગદીશવાર શાસ્ત્રી - આર્ય સમાજ - ૨૦૧૧

૩. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ - ૧

૪. સમાજશાસ્ત્ર મોરિસ ગિન્સબર્ગ - 1934. T. Butterworth Ltd., London

૫.. શ્રીમદ ભગવદ ગીતા ગીતાપ્રેસ ગોરખપુર